# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૪૯** તા. ૧૪.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-૪૯/ક્વા-૩/૧૯-૨૦

**અરજદાર:** જયસુખભાઈ વિ. સંખારવા, ગામ - રાજકોટ **સબડીવીઝન:** લક્ષ્મીનગર રાજકોટ શહેર
**રજૂઆત કરનાર:** અરજદારના પ્રતિનિધિ શ્રી પાર્થ જયસુખભાઈ સંખારવા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
**રજૂઆત કરનાર:** કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રુઘાણી -પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
**તારીખ:** ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓના વીજજોડાણમાં સોલાર સીસ્ટમ ધરાવે છે. જે બાયડાયરેકશનલ મીટરમાં સરેરાશ મીટરનો વીજવપરાશ ૧૦૦ યુનીટ હોવાથી અરજી કરતા – બદલી આપેલ છે. તેમજ જુનુ મીટર લેબોરેટરીમાં બદલી કરતા – અસાધારણ જણાયેલ છે. જેથી, જુના મીટરમાં જે વધારાનો વીજવપરાશ થયેલ છે. તે વધારાના યુનીટનો ચાર્જ આગામી વીજબીલમાં રીફંડ મળે તે માટે – પેટા વિભાગીય કચેરી તા.૦૮–૧૧–૧૯ ના રોજ અરજી કરેલ છે. પરંતુ કોઈ નિવારણ આવેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી જયસુખભાઇ વી. સંખારવા, વીજ ગ્રાહક નંબર – ૮૭૬૦૪૦૫૩૪૧૬, જે ૦.૫ કિલોવોટ નું રહેણાક કેટેગરી નું વીજ કનેકસન ધરાવે છે. જેમાં તેઓ સોલાર કનેકસન ધરાવે છે.

ઉપરોક્ત ગ્રાહક નું બાયોડાયરેકશનલ મિટર ફાસ્ટ થઈ ગયેલ હોવાથી ગ્રાહક ની અરજી ના આધારે લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૨૫.૧૦.૨૦૧૯ ના રોજ મીટર બદલાવવા માં આવેલ છે. ત્યાર બાદ તા. ૦૮.૧૧.૨૦૧૯ ના રોજ લેબોરટરી માં તપાસ થતાં મીટર એબનોર્મલ જાહેર કરવામાં આવેલ. તેથી ગ્રાહક ને ૧૮૨૯ યુનિટ નું સપ્ટે-ઑક્ટો’ ૨૦૧૯ નું બિલ લેબ રિપોર્ટ મુજબ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત ગ્રાહક ને આપવામાં આવેલ બિલ કંપની ના નિયમ મુજબ હોય તેમજ સપ્લાય કોડ માં તેમજ સોલાર રિલેટેડ અન્ય સરક્યુલર માં આ અંગે કોઈ જોગવાય ન હોય ગ્રાહક ને આપવામાં આવેલ બિલ કંપની ના નિયમ મુજબ અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ શ્રી જયસુખભાઇ વી. સંખારવા વીજ ગ્રાહક નંબર – ૮૭૬૦૪૦૫૩૪૧૬, જે ૦.૫ કિલોવોટ નું રહેણાક કેટેગરી નું વીજ કનેકસન ધરાવે છે. જેમાં તેઓ સોલાર કનેકસન ધરાવે છે. અરજદારનું સોલાર બાયોડાયરેકશનલ મિટર ફાસ્ટ થઈ ગયેલ હોવાથી ગ્રાહક ની અરજી ના આધારે લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૨૫.૧૦.૨૦૧૯ ના રોજ મીટર બદલાવવા માં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.25.10.2019 | New Meter Dt.25.10.2019 | Old Meter-As per MT Lab Dt.08.11.2019 |
|---|---|---|---|
| Make | Radiant | A-tone | Radiant |
| Meter No | 1805 | 1805 | 8086 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | I-3450<br>E-1969 | I-1<br>E-1 | I-3450<br>E-1969 |

સદર મીટરનું તા.૦૮.૧૧.૨૦૧૯ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારના પ્રતિનિધિની હાજરીમાં પરીક્ષણ કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ મીટર '**Abnormal**' છે .

૪.૨ પીજીવીસીએલ દ્વારા અરજદારને અપાયેલ વિજબીલની વિગત તેમજ સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ મુજબ પ્રાપ્ય થયેલ રીડીંગ નીચે મુજબ છે.

| બિલીંગ માસ | બીલ તા. | ઈમ્પોર્ટ KWH | એક્ષ્પોર્ટ KWH | **Net Billing Unit-KWH** | **To be Revised Net Billing Unit-KWH** |
|---|---|---|---|---|---|
| મે જુન -૧૯ | ૧૦.૦૭.૧૯ | (૧૦૭૬-૫૪૬) | (૧૫૩૭-૧૧૬૫) | (૫૩૦-૩૭૨) | ****** |
| | | ૫૩૦ | ૩૭૨ | **૧૫૮(Imp)** | ****** |
| જુલા ઓગ.-૧૯ | ૧૧.૦૯.૧૯ | (૧૪૧૮-૧૦૭૬) | (૧૭૯૬-૧૫૩૭) | (૩૪૨-૨૫૯) | ****** |
| | | ૩૪૨ | ૨૫૯ | **૮૩(Imp)** | ****** |
| **મીટર બદલ્યા તા.** | ૨૫.૧૦.૧૯ | (૩૪૫૦-૧૪૧૮)<br>૨૦૩૨ | (૧૯૬૯-૧૭૯૬)<br>૧૭૩ | (૨૦૩૨-૧૭૩)<br>**૧૮૫૯(Imp)** | વીજ બીલ સપ્ટે-ઓકટો.૧૯ મુજબ પ્રિન્ટ થયેલ સરેરાશ ૧૪૦ () યુનિટ |
| સપ્ટે-ઓકટો.૧૯ ("") | ૧૦.૧૧.૧૯ | (૬૨-૦)<br>૬૨ | (૯૨-૦)<br>૯૨ | (૯૨-૬૨)<br>**30(Exp)** | |
| | (Old+New) | (૨૦૩૨+૬૨)<br>૨૦૯૪ | (૧૭૩+૯૨)<br>૨૬૫ | (૨૦૯૪-૨૬૫)<br>**૧૮૨૯(Imp)** | |

૪.૩ **ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ જુના મીટરમાં મીટરમાં લેબ તપાસણી ના રીપોર્ટ માં મીટર 'Abnormal' જણાયેલ હોય વીજ બીલ માહે સપ્ટે-ઓકટો.૧૯ નું ૧૮૨૯(Imp) યુનિટનું વીજ બીલ રદ કરીને સદર બીલમાં પ્રિન્ટ થયેલ સરેરાશ ૧૪૦(Imp) યુનિટ મુજબનું રીવાઈઝ બીલ અરજદારને દિવસ-૧૫ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.**

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં.૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(કે. જે. મોટાણી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.